## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**અમારા ઢબુડીમાને હેરાન ન કર્યા હોત તો આવું ન થાત...**

# સુઘડ પી.એચ.સી.ના કર્મયોગીઓની કમિશનરને રજૂઆત

## સેવાના સઘનીકરણની વાતનો છેદ વસતીના ભારણને કારણે ઉડી રહ્યો છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકાના સુઘડ પ્રા.આ. કેન્દ્રના સેવા વિસ્તારમાં વધતા જતા શહેરીકરણની સમસ્યાથી આરોગ્ય સેવાઓ પર વિપરીત અસરો પડી રહી છે અને આ માટે બે પ્રા.આ. કેન્દ્રોમાં તેને વિભાજીત કરવુ જોઈએ તેવી ઉગ્ર રજુઆત આજે સુઘડ ખાતે આરોગ્ય વિભાગના કર્મચારીઓએ કરી હતી.

સુઘડ પ્રા.આ. કેન્દ્રની મુલાકાતે આજે રાજ્યના આરોગ્ય કમિશ્નર શિવહરે તથા અધિક નિયામક પ્રકાશ વાઘેલા પહોંચ્યા હતા.

આ બન્ને ઉચ્ચ અધિકારીઓએ આરોગ્ય કેન્દ્રના કર્મયોગીઓ સાથે ઈ. ટેકોને લઈ ખાસ પ્રશ્નોત્તરી કરી હતી. કેવી રીતે કામ કરવામાં આવી રહ્યુ છે અને કેવી મુશ્કેલી પડે છે તેની જાણકારી મેળવી હતી.

આરોગ્ય કમિશ્નર તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ જિલ્લાની આરોગ્ય સેવાઓ જોવા માટે શિવહરે આજે સુઘડ પહોંચ્યા હતા. તેમની સમક્ષ સુઘડ પંથકના શહેરીકરણની સમસ્યા અને વધતા જતા વસ્તીના ભારણની વાત ખુબજ ધીરજપૂર્વક સાંભળી હતી.

કર્મયોગીઓએ પણ ખુલ્લામને સુઘડ પ્રા.આ. કેન્દ્રના વિભાજનની હિમાયત કરી હતી. આ કર્મયોગીઓએ જણાવ્યુ હતુ કે આ એક જ વિસ્તારમાં હાલ ૧૫૦ જેટલી કસ્ટ્રકશન સાઈટ ચાલે છે એટલુ જ નહિ ૧૦૦થી વધુ સોસાયટીઓના રહેઠાણો કાર્યરત થઈ ગઈ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા એ પણ સુઘડ પી.એચ.સી.નું વિભાજન કરવુ જોઈએ તેવો પ્રસ્તાવ પસાર કર્યો હતો. બેચરજી ઠાકોરે પણ આ પ્રસ્તાવમાં આ વિસ્તારમાં વધતા જતા વસ્તીના ભારણને લઈ રજુઆત કરી હતી.

આ પછી જાસની બેઠકમાં જિલ્લા કલેકટરે પણ પ્રા.આ. કેન્દ્રોના રિસ્ટ્રકચરીંગ અંગેના આદેશો આપ્યા હતા પરંતુ તંત્ર દ્વારા કોઈ જ નક્કર કામગીરી કરી અહેવાલ હજુ સુધી કલેકટરને આપ્યો નથી તેમ જાણવા મળેલ છે.

બીજી તરફ આજે આરોગ્ય વિભાગના કર્મયોગીઓએ જ સુઘડ પી.એચ.સી.ના વિભાજનની હિમાયત અંગે આરોગ્ય કમિશ્નર શિવહરેને તેમની મુલાકાત વેળાએ કરી હતી. આથી તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા પરંતુ તેમણે માત્ર ધીરજતાપૂર્વક રજુઆત સાંભળી હતી.

તંત્ર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના રિસ્ટ્રકચરીંગ અંગે કલેકટરના આદેશનું પાલન પણ જિલ્લાકક્ષાએ થયુ નથી એ દુઃખદ વાત છે. હવે ઉચ્ચ અધિકારીઓ આ અંગે કેવુ વલણ અપનાવે છે તેના પર હાલ સૌની નજર મંડાયેલી છે.




## જીક એન્ડ જીલ પ્રિ-સ્કૂલ વાવોલ ખાતે ગણેશ મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં સ્થિત જેક એન્ડ જીલ પ્રિ-સ્કૂલ ખાતે નાના ભૂલકાઓના વાલીગણ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિ બનાવવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં વાલીઓએ ઉત્સાહભેર ભાગ લઈ માટીમાંથી વિવિધ કલાત્મક ગણેશજીની મૂર્તિઓ બનાવી હતી. જેક એન્ડ જીલ પ્રિ-સ્કૂલ ખાતે નાના બાળકો દ્વારા પૂજા-અર્ચના કરવામાં આવી હતી. જયારે રવિવારના રોજ દુંદાળા દેવની મૂર્તિને પાણીના કુંડમાં વિસર્જન કરાવ્યું હતું. આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ કૃપા ત્રિવેદીએ જણાવ્યું હતું કે પર્યાવરણ જાળવણીનો મેસેજ મસાજ સુધી પહોંચાડી શકાય, તે માટે ઈકો ફ્રેન્ડલી ગણપતિજીની મૂર્તિ તૈયાર કરાઈ હતી. તેમજ બાળકોના ભણતરની સાથે આપણા સાંસ્કૃતિક વારસાના જતન પ્રત્યે પ્રોત્સાહિત થાય તે માટે શાળામાં અવારનવાર આ પ્રકારના મૂલ્ય શિક્ષણને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે તમામ સ્ટાફનો સહયોગ સાંપડ્યો હતો.

# જુના સચિવાલયમાં વિકલાંગો માટે નવી પાંચ લીફટ મૂકવામાં આવશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના જુના સચિવાલયના બિલ્ડીંગમાં વિકલાંગો માટે નવી લીફટ મુકવામાં આવશે .લીફટ મુકવાના આયોજનના ભાગરૂપે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જુના સચિવાલય સંકુલના બે બ્લોક વચ્ચે હાલ કુલ ૫ લીફટ નવી મુકાશે. આ કામગીરી પાછળ અંદાજિત ૧.૨૫ કરોડનો ખર્ચ કરાશે બીજા તબક્કામાં અન્ય પાંચ જેટલી નવી લીફટ મુકાશે.

ગાંધીનગરના સચિવાલય સંકુલમાં લીફટનુ કામ હાથ ધરવામાં આવશે. હાલ લીફટ છે પરંતુ વિકલાંક વ્યકિતઓ માટે ખાસ લીફટ ન હોવાના લીધે મુલાકાતે આવતા વિકલાંગોને વારંવાર તકલીફ વેઠવી પડે છે. જેને અનુલક્ષીને જુના સચિવાલયમાં વિકલાંગો માટે નવી લીફટ નાંખવામાં આવશે. વિકલાંગો માટેની આ લીફટ બે બ્લોક વચ્ચે એક બનશે હાલ કુલ પાંચ જેટલી નવી લીફટ મુકાશે. જયારે વિકાલાંગોની આ લીફટમાં વ્હીલચેર જઈ શકે તેવી જગ્યા ઉપરાંત સાઈન લેંગ્વેજ , લીફટને ઓપરેટ કરવાના બટનો પણ નીચેની જગ્યાએ હશે. જયારે સચિવાલય સંકુલના અન્ય બ્લોકમાં પણ નવી લીફટ મુકવામાં આવશે. હાલ આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જયારે ટેન્ડર પ્રક્રીયાના અંતે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. આગામી ત્રણ મહીનામાં વિકલાંગો માટે લીફટ મુકવાની કામગીરી પણ પુર્ણ કરી દેવાશે. સચિવાલય સંકુલમાં રોજબરોજ સેંકડો મુલાકાતીઓ આવે છે. જયારે આ મુલાકાતીઓ પૈકી વિકલાંગ વ્યકિતઓની પણ સંખ્યા વિશેષ હોય છે. જેથી તબક્કાવાર સચિવાલયના વિવિધ બ્લોકમાં લીફટ મુકવાની કામગીરી પુર્ણ કરાશે. અગાઉ નવા સચિવાલયમાં તેમજ ઉદ્યોગભવનમાં પણ નવી લીફટ મુકવામાં આવી હતી. જયારે હવે વિકલાંગો માટે પણ લીફટનુ કામ હાથ ધરાયુ છે. માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ વિકલાંગો માટે નવા ટોયલેટ બ્લોક પણ બનાવાયા હતા.

## ગુજરાત હાઈકોર્ટ ખાતે નવ નિર્મિત કાયદા ભવનનું આજે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત હાઈકોર્ટ ખાતે નવ નિર્મિત ‘‘કાયદા ભવન’’ને રાજ્યના મુખ્યમંત્રી શ્રી. વિજયભાઈ રૂપાણી આવતીકાલ તા. ૯મી સ્ટેમ્બરના રોજ ખુલ્લુ મુકશે. રાજ્યના કાયદા વિભાગ દ્વારા અંદાજે રૂ.૩૯ કરોડના ખર્ચે બનાવાયેલું આ ભવન સાચા અર્થમાં રાજ્ય સુશાસનની યશકલગી સમાન પુરવાર થશે. સુપ્રીમ કોર્ટના ન્યામૂર્તિ શ્રી. આર.સુભાષ રેડ્ડી તથા ન્યાયમૂર્તિ શ્રી. એમ. આર. શાહ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

હાલ જુનું કાયદા ભવન કાર્યરત છે પરંતુ ઘણા સમય પહેલા બનેલું હોવાના પગલે સુવિધાઓમાં ઘટ પડતી હતી. બદલાતા સમયના પગલે તેમાં માળખાકીય સુવિધાઓમાં બદલાવની આવશ્યકતા હતી, ત્યારે નવું ‘‘કાયદા ભવન’’ વિશાળ બેઠક વ્યવસ્થા, અધ્યતન સુવિધાઓ અને ટેકનોલોજીના ઉપયોગથી સભર બનાવાયું છે. કોન્ફરન્સ રૂમ, રેકર્ડ રૂમ, એડવોકેટ જનરલ ચેમ્બર, એડીશનલ ગવર્નમેન્ટ પ્લીડર ચેમ્બર સહિત અન્ય સુવિધાઓના પગલે પક્ષકારો અને કાયદા વિભાગ સાથે સંકળાયેલા કર્મચારીઓ-અધિકારિઓને પોતાના કેસોનું બ્રિફીંગ કરવામાં સુલભતા વધશે. લોકાર્પણ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટીશ અનંતભાઈ એસ. દવે, રાજ્યના કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, ગૃહ અને કાયદા રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા તથા કેન્દ્રના સોલિસિટર જનરલ તુષાર મહેતા ઉપસ્થિત રહેનાર છે.

# પદયાત્રીના માર્ગો પર સ્વચ્છતા જાળવવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને તાકીદ કરતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાંથી પસાર થઈ રહેલ પદયાત્રીઓ દ્વારા થતા કચરાની સફાઈ માટે મનપાને સઘન વ્યવસ્થા ગોઠવવા પર જિલ્લા કલેક્ટરે પત્ર લખીને જાણ કરી હોવાનું જાણવા મળેલ છે.

શહેરના વિવિધ માર્ગો પરથી અંબાજીના ભાદરવી પૂનમના મહામેળામાં ભાગ લેવા પદયાત્રીઓ જઈ રહ્યા છે. આ પદયાત્રીઓ માટે વિવિધ સેવાકેન્દ્રો પણ શરૂ થયા છે પરંતુ જે સ્વચ્છતા જળવાઈ રહેવી જોઈએ તે જળવાતી ન હોવાથી જિલ્લા કલેક્ટરે આ બાબતે પત્ર લખને જણાવ્યુ છે.


જિલ્લા કલેક્ટરે આ અંગે એક બેઠક યોજી હતી તેમાં પણ સ્વચ્છતા બાબતે ખાસ ચર્ચા થઈ હતી. મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટરે જિલ્લા વિકાસ અધિકારીને પણ આવો જ પત્ર લખી પંચાયતોને સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપી સ્વચ્છતા જળવાઈ રહે તે જોવા આગ્રહ કર્યો છે.

દેશભરમાં સ્વચ્છતા અભિયાન અને પૂ. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીનું વર્ષ છે ત્યારે ગાંધીના નામે રચાયેલ નગર અને જિલ્લામાં જ સ્વચ્છતાના લીરા ઉડી રહ્યા હોવાથી જિલ્લાતંત્રને હરકતમાં આવવાની ફરજ પડી છે.

પ્લાસ્ટીકમુક્ત ગુજરાત અને પ્લાસ્ટીકમુક્ત ગાંધીનગરની વાતને પણ આ પત્રમાં દોહરાવવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સપ્ટેમ્બર માસ દરમ્યાન જ સ્વચ્છતા સર્વેક્ષણ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં હાથ ધરાવાનુ છે ત્યારે આ બાબતને અગ્રતા આપવામાં આવે તે જરૂરી હોવાથી આ પત્ર લખી ધ્યાન દોરવામાં આવ્યું છે.





## સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરાપી ખાતે વર્લ્ડ ફિઝિયોથેરાપી ડેની ઉજવણી કરાઈ

૭ સપ્ટેમ્બરના રોજ સી.એમ. પટેલ કૉલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં વર્લ્ડ ફિઝિયોથેરાપી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કૉલેજના સભ્યો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરુઆતમાં શારીરિક તંદુરસ્તી માટે કૉલેજના બગીચામાં સમૂહ અરૉબિકસ કસરત કરવામાં આવી હતી. તેમાં કૉલેજના તમામ સ્ટાફ સભ્યો, વિદ્યાર્થીઓ તથા સારવાર લેતા દર્દીઓ પણ આ કસરતમાં જોડાયા હતા. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કે. વૈત્તિપનાદત દ્વારા મહેમાનોનું સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ઓર્થોપિડિયિશિયન ડૉ. કંદર્પ ત્રિવેદી દ્વારા ‘ક્રોનિક પેઈન’ વિષય પર વકતવ્ય આપવામાં આવ્યું હતું. તથા ન્યૂરો ફિઝિશિયન ડૉ. શશી મુંદરા દ્વારા પણ વિષય અનુરુપ વકતવ્ય આપવામાં આવ્યું હતું. ‘ક્રોનિક પેઈન’ વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. ફિઝિયોથેરાપી કૉલેજની ઓપીડીમાં સારવાર લેતા દર્દીઓ દ્વારા પણ સારવારથી થતા ફાયદા વિશે પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. વાઈસ પ્રિન્સિપાલ ડૉ. ટીના ચૌહાણ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# મોટર વાહન એક્ટમાં ૧૨૦ ગુનાઓ છે છતાં પોલીસની વોચ માત્ર હેલ્મેટ અને સીટબેલ્ટ

હેલ્મેટ પહેર્યા વિના અને સીટબેલ્ટ બાંધ્યા વિના વાહન ચલાવતા ચાલકો સામે ટ્રાફિક પોલીસ ભૂખ્યા વરૂની જેમ તૂટી પડે છે, પરંતુ એ સિવાયના ઘણાં ગુનાઓ એવાં છે કે જે જોખમોથી ભરેલા છે. ટુ-વ્હિલર્સને હેલ્મેટ નહીં પહેરવા બદલ કે સીટબેલ્ટ નહીં બાંધેલા કાર ચાલકને પાવતી ફાડીને દંડ વસૂલ કરાય છે અથવા તો ઈ-મેમો આપવામાં આવે છે પરંતુ કાળા કાચની ફિલ્મ ધરાવતી કાર, નંબરપ્લેટ વિનાની કાર અને કાળો ધુમાડો કાઢતા વાહનો પોલીસની નજરમાં તો ઠીક, માર્ગો પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થતાં નથી. ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી એ ગંભીર ગુનાહિત કૃત્ય છે. ટ્રાફિક નિયમનનું પાલન કરવામાં આવે તો તમામ પાસાનું ટ્રાફિક પોલીસે ધ્યાન રાખવાનું હોય છે. ગુજરાતમાં સૌથી મોટો ગુનો ગાડી પર લાલ અક્ષરમાં હોદ્દા લખવાનો છે. પ્રેસના નામે, પોલીસના નામે, સરકારી ઓફિસ કે પાર્ટીના કાર્યકર્તાઓ હોદ્દા લખાવતા થઈ ગયા છે. આવા હોદ્દા હવે તો ગ્રામ પંચાયતના સદસ્ય પણ લખાવે છે. ટ્રાફિક પોલીસ કોઈપણ વાહન ચાલકને એક કે બે નહીં, ટ્રાફિક ભંગના ૧૨૦ થી વધુ ગુનામાં પકડી શકે છે. આ ગુનાઓ પૈકી ડોક્યુમેટ્સ (૭), ડ્રાઈવિંગ (૪૮), ટોઈંગ (૩), પોલ્યુશન (૭), મોટર વ્હિકલ્સ (૧૬), કોમર્શિયલ વાહનો (૧૮) તેમજ પાર્કિંગ સબંધિત (૧૫) છે તેમ છતાં ગુજરાતની ટ્રાફિક પોલીસ તેને મહત્વ આપતી નથી.

## સલામતી રક્ષકોને સલામ - જેમણે પોરબંદર થી દિલ્હીની સાયકલ યાત્રા શરૂ કરી

**બીએસએફની ૧૩૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા...**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પોરબંદર થી નવી દિલ્હી સુધીની સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સીમા સુરક્ષા બળ (બીએસએફ)ની દેખરેખમાં તમામ કેન્દ્રીય અર્ધસૈનિક દળો અને આસામ રાયફલના જવાનો આ યાત્રામાં જોડાશે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ અહિંસા, સ્વચ્છતા અને નશીલી દવાઓ સામે જાગૃતિનો સંદેશ ફેલાવવાનો છે. આ સાયકલ યાત્રા રવિવારે પોરબંદરના ચોપાટી મેદાનમાંથી નિકળી છે અને ૨જી ઓગષ્ટે નવી દિલ્હીના રાજઘાટ પર પહોંચશે. કુલ ૫૦૦ સાયકલ યાત્રીઓમાં બીએસએફના ૧૦૦ જવાનો સામેલ હશે. આ યાત્રીઓ પોરબંદર થી નવી દિલ્હી સુધીનું ૧૩૦૦ કિલોમીટરનું અંતર કાપશે જે પૈકી પોરબંદર થી બાડમેર સુધીના ૭૫૨ કિલોમીટરની સાયકલ યાત્રાની દેખરેખ ગુજરાત સ્થિત બીએસએફ ફ્રન્ટીયર કરશે. આ યાત્રા પોરબંદર થી રાજકોટ, મોરબી, કચ્છ, પાટણ, બનાસકાંઠા અને જાલોર થઈને બાડમેર પહોંચશે. યાત્રાના ૧૧મા દિવસે એટલે કે ૧૭મી સપ્ટેમ્બરે આ સાયકલ યાત્રાનું સંચાલન બીએસએફનું રાજસ્થાન ફ્રન્ટીયર સંભાળશે.






### ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**૪ રાજ્યોની ચૂંટણીમાં આર્ટિકલ ૩૭૦નો દમ...**

ભારતમાં હવે ચાર રાજ્યોની ચૂંટણી આ વર્ષના અંત સમયમાં આવી રહી છે. ભાજપે તો ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે પરંતુ કૉંગ્રેસના નેતાઓ હજી આ રાજ્યોમાં પરિવર્તન કરી શક્યા નથી. લોકસભાની ચૂંટણીમાં ભાજપને સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકનો મોટો લાભ મળ્યો હતો. મોદી સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવી સ્પેશ્યલ સ્ટેટસ દૂર કર્યું છે અને આર્ટિકલ ૩૫-એ દૂર કરી અન્ય રાજ્યોના લોકો જમીન ખરીદી શકતા ન હતા તેના પર પૂર્ણવિરામ મૂક્યું છે. મોદીના આ પગલાંથી દેશની જનતા ખુશ છે. દેશમાં ભલે વૈશ્વિક આર્થિક મંદીની અસર હોય, લોકો જમ્મુ-કાશ્મીરના નિર્ણયથી પ્રભાવિત છે તેથી કોંગ્રેસને આ ચાર રાજ્યોની ચૂંટણી જીતવી ખૂબજ કપરી બની ચૂકી છે. આ ચાર રાજ્યોમાં હરિયાણા (૯૦), મહારાષ્ટ્ર (૨૮૮), ઝારખંડ (૮૧) અને દિલ્હી (૭૦) નો સમાવેશ થાય છે. આ ચારેય રાજ્યોની ચૂંટણીનો સમયગાળો ઓક્ટોબર થી ડિસેમ્બરનો છે. આ સમયમાં જ ગુજરાતની ખાલી પડેલી સાત બેઠકોની વિધાનસભાની પેટા ચૂંટણી આવે છે. કોંગ્રેસ લોકસભાની નિષ્ફળતામાંથી બહાર આવી નથી ત્યારે ભાજપે અત્યારથી જ આ ચાર રાજ્યો અને ગુજરાતની પેટા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

**દેશનું સમૃદ્ધ અને રિચેસ્ટ સ્ટેટ મહારાષ્ટ્ર છે...**

ભારતનું સમૃદ્ધ અને રિચેસ્ટ સ્ટેટ ક્યું છે તેવો સવાલ કોઈ કરે તો સામે પક્ષે જવાબ મળે કે મહારાષ્ટ્રમાં આ બન્ને ગુણ છે. મહારાષ્ટ્ર રાજ્ય સમગ્ર દેશમાં ટોચ પર છે. આ રાજ્યમાં જીડીપી ૨૭.૯૬ લાખ કરોડ થાય છે તેવું એક સર્વેક્ષણમાં બહાર આવ્યું છે. દેશના ટોપટેન સિટીમાં બીજાક્રમે ૧૫.૯૬ લાખ કરોડ સાથે તામિલનાડુ આવે છે. ત્રીજા ક્રમે ૧૪.૯૬ લાખ કરોડ સાથે ગુજરાતનો ક્રમ ત્રીજો આવે છે. ચોથા ક્રમે ૧૪.૮૯ લાખ કરોડ સાથે ઉત્તર પ્રદેશ, પાંચમા ક્રમે ૧૪.૮ લાખ કરોડ સાથે કર્ણાટક, છઠ્ઠા ક્રમે ૧૦.૪૯ લાખ કરોડ સાથે પશ્ચિમ બંગાળ, સાતમા ક્રમે ૮.૭૦ લાખ કરોડ સાથે આંધ્રપ્રદેશ, આઠમા ક્રમે ૮.૪૩ લાખ કરોડ સાથે તેલંગાણા, નવમા ક્રમે ૮.૨૬ લાખ કરોડ સાથે મધ્યપ્રદેશ અને દસમા ક્રમે ૭.૭૩ લાખ કરોડ સાથે કેરાલા રાજ્ય આવે છે. મહારાષ્ટ્રની ખાસિયત એવી છે કે કોઈપણ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કર્યા વિના તેણે પહેલો ક્રમ જાળવી રાખ્યો છે.

## વન વિભાગ ફોર કે સીક્સ લેન માર્ગની વચ્ચે લીમડા વાવે તો વધુ વરસાદ આવે

**વહીવટી તંત્ર માટે માત્ર ઓફિસરો દોષિત નથી...**

ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું શાસન હતું ત્યારે ઓફિસરોની સાથે કેબિનેટના સાથી સભ્યોનું પરફોર્મન્સ પણ જોવાતું હતું પરંતુ વિજય રૂપાણીની સરકારમાં માત્ર ઓફિસરોનું પરફોર્મન્સ જોવાય છે. રાજ્યના મુખ્યમંત્રીએ તેમના કેબિનેટના સાથી સભ્યો પાસેથી પણ હિસાબ-કિતાબ લેવો જોઈએ. હાલ કેબિનેટના સભ્યોને શાંતિ છે, કેમ કે તેમના વિભાગનું પરફોર્મન્સ જોવાતું નથી. મુખ્યમંત્રી આખા વહીવટી તંત્રનું સંચાલન કરે છે ત્યારે તેમણે તેમના સાથી સભ્યોની કામગીરીની સમીક્ષા કરવાનો સમય આવી ગયો છે. મોદીના શાસનમાં જે કોઈ મંત્રી તેના વિભાગના હિસાબમાં ઉણો ઉતરે તો તેને ઠપકો મળતો હતો, પરંતુ રૂપાણી સરકારમાં સભ્યો પાસેથી હિસાબ લેવાની સિસ્ટમ લાગુ કરવામાં આવી નથી. અત્યારે મુખ્યમંત્રી સમક્ષ જે પ્રેઝન્ટેશન થાય છે તેમાં વિભાગના ઓફિસરને જવાબદાર માનવામાં આવે છે. એક સનદી અધિકારીએ કહ્યું હતું કે, સરકાર અમારા કામનો હિસાબ માગે છે તો કેબિનેટના સભ્યોનો કેમ માગતી નથી. સરકારમાં શું નવું કરવું છે તેનું ફિડબેક મંત્રીઓ પાસેથી મળતું નથી, એ ઈનિશિયેટીવ તો ઓફિસરે જાતે જ લેવું પડે છે.

**કલેક્ટર-ડીડીઓને એવોર્ડ તો વિભાગને કેમ નહીં...**

## કલેક્ટર-ડીડીઓને એવોર્ડ અપાય છે તો વિભાગના અધિકારી કે મંત્રીને કેમ નહી

ગુજરાત સરકાર શ્રેષ્ઠ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને એવોર્ડ આપે છે પરંતુ રાજ્યના ૨૨ વિભાગોમાં ખંત અને મહેનતથી કામ કરતાં સિનિયર અધિકારીઓને કેમ એવોર્ડ આપતી નથી તેવી ચર્ચાએ સચિવાલયમાં જોર પકડ્યું છે. આ સાથે સરકારે સૌથી વધુ કામ કરતાં મંત્રીને પણ એવોર્ડ આપવો જોઈએ. રાજ્યના સિનિયર આઈએએસ અધિકારીએ કહ્યું હતું કે, સામાન્ય રીતે જે ઓફિસરને વિભાગનો હવાલો આપવામાં આવે છે અથવા તો જે મંત્રીને વિભાગની જવાબદારી સોંપવામાં આવે છે તેનું મૂલ્યાંકન થવું જોઈએ. વિભાગના મૂલ્યાંકનમાં શ્રેષ્ઠતાને સરપાવ મળવો જોઈએ. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને મારી અરજ છે કે સચિવાલયના વિભાગોમાં ઉત્કૃષ્ઠ કામગીરી બજાવતા સનદી અધિકારી અથવા વિભાગના વડાને એક થી દસના રેન્ક આપવા જોઈએ, જેની સાથે વિભાગના મંત્રીએ પણ સહકાર આપ્યો હોય તો તેમને પણ આ રેન્કમાં સમાવવા જોઈએ કે જેથી બીજા અધિકારી અને મંત્રીને ખંતથી કામ કરવાનો જુસ્સો મળી શકે.